*કાશ, હું એનાં ખભે રાખી દઉં માથું અને,*
*એ મને હળવેકથી એવું કહે કે રોઈ લો*

ચાર્લી ચેપ્લીનનાં બ્લેક હ્યુમરને તાદશ કરતો આ શેર માનવ સ્વભાવની વરવી બાજું ઉજાગર કરે છે–

*અચાનક કોઈ ધક્કાએ મને પણ ભેળવ્યો એમાં,*
*હું જ્યાં જોવા ગયો આખરે આ ભીડ ક્યાં જાશે?*

નિરવતાને મુસલસલ ગણાવતી આ ગઝલો દર્દમાંથી આવી છે અને આપણને હમદર્દ બનાવતી જાય છે. કદાચ ક્યાંક કોઈ શેરમાં છંદ, ભાષા કે રજૂઆતની આછેરી કચાશ હોઈ શકે પરંતુ અનેક ગઝલો અને ઘણાં બધાં શેર શેરીયતથી છલોછલ, ચોટદાર, હૃદયંગમ અને અર્થસભર થયા છે.

હું કવિ અગન રાજ્યગુરુને મારી શુભકામનાઓ પાઠવું છું. તેનો અવાજ વધુ બળકટ અને વધુ તેજીલો બને એવી શુભેચ્છાઓ પાઠવું છું. તેની અંદરનો આ ખળભળાટ અને આ સળવળાટ બહાર આવતા સુધીમાં એક અદમ્ય ઝળહળાટમાં પરિણમે તેવું પ્રાર્થુ છું.

અને અંતે અગનની એક ગઝલનાં મક્તાને ટાંકીને એક ફેરફાર સૂચવું છું :

*અગન ખ્વાબથી બહાર આવીને જોયું,*
*બધી મૌસમો સાવ વીતી ગઈ છે*

સૂચિત ફેરફાર-

*અગન ખ્વાબથી બહાર આવીને જોયું,*
*બધી મૌસમો અંતે પાછી ફરી છે*

સ્વ સાથેની પ્રમાણિકતાથી ગઝલલેખનના આ જોખમી રસ્તે પણ પૂર્ણ સભાનતાથી ગતિ કરી રહેલા આ યુવા શાયરને દ્વિતિયિ સંગ્રહનાં પ્રાકટ્ય ટાણે હૃદયપૂર્વક વધામણાં.

**– ડૉ. મુકુલ ચોકસી**

સુરત

# યાદથી રાહ સુધીની સફર

અમરેલીનાં આશાસ્પદ કવિશ્રી અગન રાજ્યગુરુનું નામ હવે સાહિત્યરસિકો માટે અજાણ્યું રહ્યું નથી. અમરેલી ઘરાણાનાં સર્જકોની યાદીમાં અગનભાઈનું નામ હકથી ઊભું રહી શકે એવી તેમની ગઝલ પરની હથોટી છે. અમરેલીના માટી-પાણી-હવાથી પુષ્ટ થયેલી એમની ગઝલો હવે લોકજીભે રમતી થઈ ગઈ છે.

2020માં તેઓ પોતાની 164 ગઝલો સમાવતો પ્રથમ સંગ્રહ 'તમારી યાદમાં' લઈને આવે છે અને સાહિત્યરસિકોને ચકિત કરી દે છે. એક સાવ અજાણ્યું નામ અચાનક જાણીતું થવાં લાગે છે. ભાવકોમાં ચર્ચાતું એ નામ હવે સર્જકોમાં પણ ચર્ચાવાં લાગ્યું છે ત્યારે અગનભાઈ ફરી પોતાની 120 ગઝલોનો ગુલદસ્તો 'તમારી રાહમાં' લઈને આવી રહ્યાં છે.

*ચોપડીમાં સાચવેલું ફૂલ પણ,*
*થઈ ગયું ઉપવન તમારી યાદમાં.*

એમની ચોપડીમાં સચવાયેલું ફૂલ એટલે કે એમની કવિતા સુકાઈ જવાને બદલે આજે ઉપવન બનીને લહેરાઈ રહી છે.

*તમારી રાહમાં ફૂલો બધાં બે-જાન લાગે છે,*
*તમારી રાહમાં ઉપવન મને વેરાન લાગે છે.*

એવું કહીને તેઓ કોઈની યાદને રાહ સુધી દોરી લાવ્યા છે. સમગ્ર સંગ્રહમાં પ્રેમ અને વિરહમાં પડઘાતી ખાલીપાની એક ચીસ અને ઝૂરાપાની મૂંગી ટીસ અનુભવાય છે. કવિએ અનેક વિષય હાથ પર લીધા છે અને એને અવનવા શબ્દો વડે શણગાર્યા છે, અવનવા ભાવ વડે સૌંદર્યમંડિત કર્યા છે.

અગનભાઈની ગઝલોમાં કોઈ ગહન-ગૂઢ આંટીઘૂંટી નથી. સાવ સરળબાનીમાં બોલચાલના વાક્યો અને આસપાસની સૃષ્ટિને ખપમાં લઈને કવિતાનું સર્જન કર્યુ છે. કવિતા એ કાનની કલા તો ખરી જ પણ સાથે-સાથે કામણની કલા પણ ખરી.

# ઈચ્છા

ઈચ્છા નામે સુંદર એક ભિખારણ છે.
જ્યાં દૃષ્ટિ નાંખો ત્યાં એનાં કામણ છે.

પ્રેશર કૂકર જેવો છે જન્મારો ને-
એમાં પાછાં અરમાનોનાં આંધણ છે.

કોઈ પંખી ચણવાં ક્યાંથી ઊતરશે?
ફૂટપટ્ટીથી માપો એવાં આંગણ છે.

આદમ ઈવને છાનો-છપનો મળતો'તો;
એ જગ્યાએ આજે તો અભ્યારણ છે.

ઘટવામાં પૂછો તો કહું કે જીવતર છે;
વધવામાં તો વણકીધે અકળામણ છે.

એ દેખાશે કાયમ મારી આંખોમાં;
એની આંખોમાં તો કેવળ આંજણ છે.

નામ 'અગન' છે એથી કૈં મૂંઝાશો નહિ;
માણસ સીધો સાદો ને સાધારણ છે.

# લાભ

તેં બાવળિયો શાનાં માટે વાવ્યો છે?
મેં તો મારો રસ્તો બદલી નાંખ્યો છે.

સાત જનમના સરવાળા શું કરવાનો?
જે માણસ આ એક જનમથી થાક્યો છે.

સોંપો છે આખા જંગલમાં એ વાતે;
કે કઠિયારો નીંદરમાંથી જાગ્યો છે.

હું વરસાદી વાતોથી હરખાઉં શું?
મારા ભાગે રોજ ઉનાળો આવ્યો છે.

આખે આખો મળવાની ઉમ્મીદ નથી;
એથી મેં પણ અડધો ઈશ્વર માંગ્યો છે.

એક તરફથી જિદ્દ છે એવું કાંઈ નથી;
તેં પણ બીજો છેડો ઝાલી રાખ્યો છે.

સમજાવે છે હસવાના સૌ લાભ 'અગન'
કિન્તુ એવો મોકો કોણે આપ્યો છે?

# યાદ

મારું હૈયું જ્યારે મારી પીડા લખશે,
કાગળમાંથી ધીમે ધીમે લોહી ટપકશે.

અર્થોનાં સો ફૂલ બરાબર મારી ગઝલો,
અક્ષર અક્ષર ઓગળશે તો અત્તર બનશે.

એવી બીકે આંખોને કાબુમાં રાખી,
ઝાઝાં સપનાં ટોળું થઈને આંસુ જણશે.

સો જુગનૂ ઊડે તો એમાં મારે શું છે?
હું તો વાટે બેઠો છું કે તારો ખરશે.

તારી સાથે આંખ મળે તો વાંધો ન્હોતો,
વાંધો છે કે દુનિયા વચ્ચે વંડી ચણશે.

દર્દોનું કારણ પૂછો મા, મજબૂરી છે,
અમથે અમથું જુહ્રાણું કોઈ નીકળશે.

એ જાણ હતી કે આવી જાશે યાદ 'અગન'
એવો ખ્યાલ નહોતો કે એ ચૂંટી ખણશે.

# 'તું નથી'

'તું નથી'ની કાપલી દોરી હતી,
જળ વિનાની માછલી દોરી હતી.

બે પળોની અર્ધ કોરી સ્લેટ પર,
જિંદગાની પાછલી દોરી હતી.

સાવ સૂનો એક રસ્તો જોઈને,
આંખ ઉપર છાજલી દોરી હતી.

મોં હજું ધોવા જઉં તો સાંભરે,
ગાલ પર તેં ટાપલી દોરી હતી.

મેં નગરના ગેટની દીવાલ પર,
ગામડાની ઝાંપલી દોરી હતી.

સર્વ લીલાં શ્રીફળોની છાલ પર,
એક સૂક્કી કાચલી દોરી હતી.

માનવીનું મૂલ્ય શું પૂછે 'અગન'?
હર તરફ જ્યાં પાવલી દોરી હતી.

# ઉતાવળમાં

ગુમાવ્યો ક્યાં હતો કે ક્યાં મેં ટાળ્યો'તો ઉતાવળમાં?
ખરેખર તો સમય પોતે જ આવ્યો'તો ઉતાવળમાં!

દુઃખી હોવાનું બીજું ખાસ કૈં કારણ નથી મિત્રો,
સુખી થાવાનો રસ્તો મેં નિહાળ્યો'તો ઉતાવળમાં!

ન જાણે કોણ અફવા રાસ જોયાની ઉડાવે છે!
તિખારો ઠારતાં મેં હાથ બાળ્યો'તો ઉતાવળમાં!

તમારી જીત ક્યાં છે જીત? મારી હારમાં ક્યાં હાર?
હકીકતમાં હું મારી ચાલ ચાલ્યો'તો ઉતાવળમાં!

નવાં વસ્ત્રો જ નહિ, તારી સભામાં આવવા માટે-
મેં ચહેરા પર બીજો ચહેરો ચડાવ્યો'તો ઉતાવળમાં!

મળે છે જે રીતે હૈયાં, મળે ક્યાં એ રીતે સંજોગ?
પ્રભુએ પ્રેમ લાગે છે બનાવ્યો'તો ઉતાવળમાં!

'અગન' શેની ઉતાવળ છે એ મારો રામ જાણે પણ,
અહીં હર એક માણસને મેં ભાળ્યો'તો ઉતાવળમાં!

# રાજી છું

પથ્થર આપો કે પ્રેમ બધાંમાં રાજી છું!
યા રહેવા દો છું તેમ બધાંમાં રાજી છું!

આ સામેનાં પિંજરમાં પંખી જોયુંને?
હું બિલકુલ એની જેમ બધાંમાં રાજી છું!

હું મારી કૈં મરજી બોલું એ પેલાં તો,
સૌ ગણવાં લાગ્યાં એમ બધાંમાં રાજી છું!

મુદ્દાની વાત, વખાનો માર્યો માણસ છું,
બાકી તો કુશળ-ક્ષેમ, બધાંમાં રાજી છું.

મારી કિંમત કરવામાં એ આઝાદી છે,
ફૌલાદ ગણો કે હેમ બધાંમાં રાજી છું!

આ રાજીપાની પાછળ કેવી પીડા છે,
શું સમજાવું કે કેમ બધાંમાં રાજી છું!

કોને ટાણું છે? કોણ 'અગન' જોવાનું છે?
બસ રાખી લીધો વ્હેમ બધાંમાં રાજી છું!

# જિંદગી

થોડી ઘણી ઉદાસ આંખો છે અને લાગે ય છે.
પણ જિંદગી તારા વિના પણ એ છતાં ચાલે ય છે.

એવા દિલાસે હું સતત અંધારમાં જીવ્યે ગયો,
કે રાતની પાછળ ખુદા દિવસ નવો આપે ય છે.

ચાલી જતે, તૂટ્યાં ભલે કિન્તુ હજી આ વાયદા,
ફૂટી ગયેલા કાચની માફક મને વાગે ય છે.

તારા સ્મરણથી એટલે પીછો નથી છોડાવતો,
જૂનાં ખરે જો પાન તો પાછાં નવાં આવે ય છે.

જોડાણ સૌ તૂટી ગયાં છે આપણી વચ્ચે છતાં,
પેલા હતો જે ગર્વ તારો એ મને આજે ય છે.

મારે સમયમાં ને સ્વજનમાં ફેર કૈં ઝાઝો નથી,
સૌ ધ્યાનમાં રાખે બધું ને ધ્યાન પણ રાખે ય છે.

શોભી રહ્યું છે એમને હસતાં મુખે જાવું ‘અગન’
આ બારણામાં બેસવું મારું મને છાજે ય છે.